સંપર્ક નં-૦૨૭૮-૨૪૩૨૭૬૫

જા.ક્રમાંક- જીરગઅ/ખે.મ.કૂ/રા.ક.સ્પ/૫૧૩૪-૫૨૩૩
જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી,
જી-૨, એનેક્ષી બિલ્ડીંગ, બહુમાળી ભવન,
ભાવનગર.
તા. ૩૦/૦૯/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, તમામ

**વિષય – ખેલ મહાકુંભ ૨૦૧૯ અંડર – ૧૭ જુડો ભાઈઓ/બહેનો સ્પર્ધા કાર્યક્રમ.**
**સંદર્ભ - સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના પત્ર ક્રમાંક-**
**એસ.એ.જી./ખે.મ.કૂ.-૧૯/૨૦૧૯-૨૦ તા. ૨૭/૦૯/૨૦૧૯ અન્વયે.**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ખેલ મહાકુંભ-૨૦૧૯ અંતર્ગત અંડર - ૧૭ જુડો (ભાઈઓ/બહેનો) સ્પર્ધાનું આયોજન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સિદસરં રોડ, ભાવનગર ખાતે તા.૧૮/૧૦/૨૦૧૯ થી તા.૨૧/૧૦/૨૦૧૯ દરમ્યાન થનાર છે. જે અંગેની આપના જિલ્લાની ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેક KMK ID સાથેનો પરિપત્ર સાથે સામેલ નમૂના મુજબની જ એન્ટ્રી તા.૧૦/૧૦/૨૦૧૯ સુધીમાં dsobhavnagarrural10@gmail.com ઉપર મેઈલથી અચુક મોકલી આપવા તેમજ ખેલાડીઓને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી.

## -::ખેલ મહાકુંભ ૨૦૧૯ અંડર-૧૭ જુડો (ભાઈઓ/બહેનો)::-

- **સ્પર્ધા તારીખ – ૧૮/૧૦/૨૦૧૯ થી ૨૧/૧૦/૨૦૧૯**
- **સ્પર્ધા/ રિપોર્ટિંગ/નિવાસ સ્થળ:** સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સિદસર રોડ, ભાવનગર
  (ગંગાજળિયા તળાવથી સિદસર જતી સીટી બસમાં સ્પર્ધા સ્થળે ઉતરવાનું રહેશે.)
- **સંપર્ક નંબર : આર.ડી.ગોહિલ** - (પ્રાંત યુવા વિકાસ અધિકારી) ૯૯૭૮૨૨૭૯૭૭
  **કલ્પેશ પંડ્યા** – ૯૩૨૭૫૦૧૫૫૨

## ( જિલ્લાકક્ષા વિજેતા ખેલાડીઓ)

રિપોર્ટિંગ તારીખ:- ૩૦/૧૦/૨૦૧૯
રિપોર્ટિંગ સમય:-બપોરે ૨:૦૦ થી ૩:૩૦ વાગ્યા સુધી
અનઓફિસિયલ વજનનો સમય:-બપોરે ૩:૩૦ થી ૪:૦૦ વાગ્યા સુધી
ઓફિસિયલ વજનનો સમય:-બપોરે ૪:૦૦ થી ૬:૩૦ વાગ્યા સુધી

સ્પર્ધાની તારીખ અને સમય:- ૩૧/૧૦/૨૦૧૯ સવારે ૯:૦૦ કળાએ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વજન | ભાઈઓ | - ૪૦ કિ.ગ્રા | - ૪૫ કિ.ગ્રા | - ૫૦ કિ.ગ્રા | - ૫૫ કિ.ગ્રા | - ૬૦ કિ.ગ્રા |
| | બહેનો | - ૩૬ કિ.ગ્રા | - ૪૦ કિ.ગ્રા | - ૪૪ કિ.ગ્રા | - ૪૮ કિ.ગ્રા | - ૫૨ કિ.ગ્રા |

## ( સિધ્ધા રાજ્યકક્ષા એ ભાગ લેનાર ખેલાડીઓ)

રિપોર્ટિંગ તારીખ:- ૦૧/૧૧/૨૦૧૯

રિપોર્ટિંગ સમય:-સવારે ૮:૦૦ થી ૦૯:૩૦ વાગ્યા સુધી

અનઓફિસિયલ વજનનો સમય:-સવારે ૯:૩૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી

ઓફિસિયલ વજનનો સમય:-બપોરે ૧૦:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી

સ્પર્ધાની તારીખ અને સમય:- ૦૧/૧૧/૨૦૧૯ સવારે ૯:૦૦ કલાકે

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વજન | ભાઈઓ | - ૬૬ કિ.ગ્રા | -૭૩ કિ.ગ્રા | -૮૧ કિ.ગ્રા | -૯૦ કિ.ગ્રા | +૯૦ |
| | બહેનો | - ૫૭ કિ.ગ્રા | -૬૩ કિ.ગ્રા | -૭૦ કિ.ગ્રા | +૭૦ | |

## સ્પર્ધા અંગેની જરૂરી સૂચના

1) ભાગ લેનાર ખેલાડીની સંખ્યા વજન ગૃપ મુજબ અને સાથે ૧ (એક) મેનેજર /કોચશ્રીએ આવવાનું રહેશે.

2) પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચૂકપણે આપવાની રહેશે અને એન્ટ્રીની ઓરીઝનલ નકલ પણ સાથે લાવવાની રહેશે

3) SGFIના નિયમ મુજબ અંડર-૧૭ ખેલાડીઓએ ફરજિયાત ૨૦ કૉલમ સાથેનું એલીજીબીટી જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી સિક્કા અને શાળાના સહી સિક્કા સાથેનું લાવવાનું રહેશે.

4) સ્પર્ધામાં આવનાર અંડર – ૧૭ ટીમોને સવારથી નિવાસ વ્યવસ્થા અને ભોજન આપવામાં આવશે.

5) ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઈન રજીસ્ટ્રેશનની પહોચ ફરજિયાત સાથે લાવવી તેમજ ઓનલાઈન આઇ.ડી. નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે. અને તેઓએ પોતાના એક જ વયજુથમાં ભાગ લેવાનો રહેશે. ખેલાડીએ ફરજિયાત પણે પોતાના આધારકાર્ડની ઝેરોક્ષ જોડવી (ઓરિઝનલ સાથે) અને ભાગ લેનાર ખેલાડીઓના જન્મતારીખ/રહેઠાણના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.

6) સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજિયાત છે. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પૂરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઈ કરવાની રહેશે. અને પ્રવાસ ભથ્થુ ચૂકવવામાં આવશે નહીં.

7) દરેક ખેલાડીએ પોતાની બેન્ક ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અથવા કેન્સલ ચેક ફરજિયાત સાથે લાવવાની રહેશે.

8) ટીમ સાથે કોચ/મેનેજર તરીકે આવનાર વ્યક્તિએ જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી સિક્કાવાળો ઓર્ડર અને કોચની ઓનલાઈન થયેલ રસીદ ફરજિયાત પણે સાથે લઈ આવવાની રહેશે અન્યથા વિજેતા થયેલ ખેલાડીના કોચને રોકડ પુરસ્કાર આપવામાં આવશે નહીં.

9) સ્પર્ધા દરમ્યાન જો કોઇ ઇજા કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ અને મેનેજરની રહેશે. સ્પર્ધા સ્થળે ઋતુ અનુસાર બેડીંગ સાથે લાવવું.

10) ભોજન/નાસ્તા સમયે જે તે ટીમ સાથે તે ટીમના મેનેજર અને કોચે આવવાનું રહેશે અને શિસ્તબદ્ધ રીતે વર્તવાનું રહેશે

11) જે સ્પર્ધકનું ઓન લાઇન રજીસ્ટ્રેશન કરેલ હશે અને તેનું નામ એન્ટ્રીમાં દર્શાવેલ હશે તેને જ ભાગ લેવા દેવામાં આવશે.

12) જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે અન્યથા નિવાસ/ભોજનની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.

13) પ્રવાસ ખર્ચના નાણાં મેનેજરના બેન્ક ખાતામાં કે ચેકથી ચૂકવવામાં આવશે. જેથી મેનેજરે કેન્સલ ચેક અથવા બેન્ક ખાતાની વિગત સાથે લઈને આવવાનું રહેશે.

14) મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા કરી આવવાનું રહેશે.

15) વિજેતા ખેલાડી રોકડ પુરસ્કાર ફોર્મમાં જેનું કોચ તરીકે નામ લખશે તેને જ કોચનું પુરસ્કાર મળવા પાત્ર બનશે. કોચશ્રીની બેન્ક પાસબુકની ઝેરોક્ષ ફોર્મ સાથે રજૂ કરવાની રહેશે.

16) સ્પર્ધા પૂર્ણ થયે તાત્કાલિક નિવાસ ખાલી કરી પરત જવાનું રહેશે.

17) સ્પર્ધા સ્થળે આવવા નીકળતા પહેલા આગળ દર્શાવેલ સંપર્ક નંબરમાં ફોન કરી સ્પર્ધા અંગેની વિગતો જાણી નિકળવા માટેની સૂચના મેનેજરને આપવાની રહેશે.

આપનો વિશ્વાસુ

(એસ ડી ગાંધી )
જિલ્લા રમત ગમત અધિકારી
ભાવનગર ગ્રામ્ય

નકલ સવિનય રવાના જાણ સારૂ :

૧) માન.સચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર.
૨) માન.ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.
૩) માન.કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,ગાંધીનગર.
૪) માન.કલેક્ટરશ્રી, ભાવનગર.
૫) માન.કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા ભાવનગર.
૬) માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર.
૭) માન.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગર.
૮) માન.સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.
૯) માન. સચિવશ્રી, રાજ્ય રમત ગમત પરિષદ,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,ગાંધીનગર.
૧૦) માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર.
૧૧) માન.સિવિલ સર્જનશ્રી, ભાવનગર મેદાન ઉપર ૧૦૮ ની સેવાઓ પૂરી પાડવા.
૧૨) માન. આરોગ્ય અધિકારીશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર.(સ્પર્ધા સ્થળે મેડીકલ ટીમ ઉપસ્થિત રાખવા વિનંતી)
૧૩) માન.નાયબ માહિતી નિયામકશ્રી, સ્પર્ધાની બહોળી પ્રસિદ્ધિ કરવા સારૂ.
૧૪) માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય જુડો એસોશિએશન.
૧૫) માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી,વ્યાયામ શિક્ષક સંઘ, ભાવનગર ગ્રામ્ય/શહેર
૧૬) માન.નોડલ અધિકારીશ્રી/હેડ કોચશ્રી, ખેલ મહાકુંભ-૨૦૧૯ જુડો સ્પર્ધા
૧૭) માન.સિનિયર કોચશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર તમામ. (ભાવનગર નિવાસ વ્યવસ્થા કરવા સારું)